R.N.I.No. : 11555/1966
Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

JYOTI PUNJ

Vol No. 55 Issue No. 6
September - 2011

## " અરીસો "

જગતમાં નજર સામે આવતાં બધા જ ચહેરા અરીસા સમાન છે. જે લોકોને મળવાનું થાય એમના ચહેરામાં કેવા પ્રકારના પ્રતિબિંબ જોવા મળે છે, એ જોશો તો તમને ખ્યાલ આવશે. અરે ! આ તો મારા જેવા જ વિચારો અને કાર્યોનું આબેહૂબ પ્રતિબિંબ છે !

વર્ષો પહેલાં એક મહારાજાએ હજારો અરિસાવાળું મકાન બનાવેલ હતું. પ્રજામાં આ અરીસા-ઘર ખૂબજ પ્રખ્યાત હતું. સહુ આની મુલાકાત લેતાં અને ખુશ થતાં.

એક વખત એક માણસ ત્યાં જાય છે અને હસતા ચહેરે જાય છે, તો સામેથી હજાર અરીસામાં હસતાં ચહેરા દેખાય છે. આ તેનું પ્રતિબિંબ જ હતું, પણ માણસને આનંદ આવે છે.

હવે બીજો માણસ જાય છે. તેનો ચહેરો ગુસ્સાવાળો હોય છે. તો તેનું પ્રતિબિંબ ગુસ્સાવાળું દેખાય છે અને તેના દિલને દુ:ખ થાય છે.

આમ અરીસો તો એકજ છે પણ આપણે જ મનોવૃતિની અસર જે ચહેરા પર પડે છે તેનું જ પ્રતિબિંબ પડે છે.

બોધ : માણસે બીજા સાથેના વ્યવહારમાં, વર્તનમાં હસતાં-રમતાં રહેવાથી સામેની વ્યક્તિને તથા આપણને બન્નેને આનંદ મળે છે.

2nd Cover Page

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ આયોજીત**
**શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ (ધરીવાળા)**
**પુરસ્કૃત ૬૦મો રસોત્સવ યોજે છે**

# નવુ નાટક

**તારીખ :** ૬-૧૧-૨૦૧૧ રવિવાર

**ટાઈમ :** સવારે ૯ કલાકે

**સ્થળ :** ભાઈદાસ હોલ

સ્વામી ભક્તિવેદાંત માર્ગ, વિલેપાર્લા (વેસ્ટ)

**મુખ્ય મહેમાન : શ્રી સુરેન્દ્ર રતિલાલ પરીખ (સુરેન્દ્ર એન્જી. કોર્પો)**

**ટિકિટનું વહેચાણ** તા. ૨૩-૧૦-૧૧ રવિવારે સમય : સવારે ૯ થી ૧૧ કલાકે.

નીચે દર્શાવેલ સ્થળ પરથી ટિકિટ મળશે.

(૧) શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ
૪૫/૪૯, બાલક્રીશ્ન કો.સો. બાબુગેનુ રોડ, કાલબાદેવી, મુંબઈ

(૨) શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા) મો. ૯૮૨૦૦૧૧૫૮૬
સી/ ૩૦૨, સુમેર નગર, એસ.વી.રોડ, બોરિવલી (વેસ્ટ)

(૩) શ્રી ગોપાલ રમણલાલ કડકીયા (ખીસાદાર)
મો. ૯૮૧૯૫૦૭૪૫૨, ૫૦૧, જ્ઞાન દર્શન, એસ.વી.રોડ, કાંદિવલી (વેસ્ટ)

(૪) શ્રી અજય પ્રવિણચંદ્ર દોશી મો. ૯૮૧૯૩૪૨૮૫૬
બી/૧૨, નવશીલ્પવાની લલ્લુભાઈ પાર્ક, વિલેપાર્લા (વેસ્ટ)

**નોંધ :** ડ્રામાની વિગત આવતા અંકમાં આવશે.

**સંયોજક: હેમેન્દ્ર શાહ** **મંત્રી : શ્રી ભાવેશ મોદી**

# જ્યોતિ પુંજ


| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૫ | ૬ | ૧૪-૦૯-૨૦૧૧ |

છુટક કીંમત : રૂા.૧/- વાર્ષિક લવાજમ : રૂા.૧૦/-

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી

અમીત વ. પારેખ

પત્રવ્યવહારનું સરનામું

નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

ફોન : ૯૮૨૧૩૨૬૪૩૨

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)

શૈલેષ ટુલ્સ એન્ડ હાર્ડવેઅર માર્ટ

૧૬, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૨ જે માળે, મુંબઈ-૪૦૦ ૦૦૩

ટે.(ઓ.) : ૨૩૪૨૬૩૧૬ / ૨૨૦૬૦૦૦૯

(મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

: કાર્યાલય :

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

: સમય :

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

visit us at www.balasinor.org


## એકલતા

કહેવાય છે માણસ આ દુનિયામાં એકલો આવે છે અને એકલો જ જાય છે. માના ગર્ભમાં એકલું રહેલું બાળક (સિવાય કે જોડીયા હોય) જન્મતાની સાથે માની હુંફમાં પોતાની જાતને સુરક્ષિત સમજે છે. આટલા નાના બાળકને પણ એકલો મુકીએ તો તે રડવા માંડે છે. ત્યારબાદ જીવનના વિવિધ તબક્કે તે એકલો પડે છે. આમાં એકલા હોવું અને એકલવાયા હોવું એમાં ખુબ ફરક છે. માણસ ટોળામાં પણ એકલવાયો હોઈ શકે. હજારો લાખો માણસોની વચ્ચે હોવા છતાં પણ એકલવાયું લાગી શકે.

બાળપણમાં મા બાપનો સરખો પ્યાર ન મળે કે તેઓની સાથેનો Quality time ન મળે. આયાને નોકરો પાસે ઉછેર થયો હોય એવા બાળકોને એકલવાયું લાગે છે. બાળકોના વિકાસ માટેનું બહાનું ધરીને હોસ્ટેલમાં ધકેલનાર મા બાપને શું ખબર બાળકને ત્યાં રાતે કે રજાઓમાં કેટલું એકલવાયું લાગે છે. જવાનીમાં કદમ રાખતાંની સાથે જ કંઈ કેટલીયે વાતો મિત્રો સાથે, મા બાપ સાથે Share કરવાની જરૂરીયાત લાગે છે. મનમાં ઉદ્‌ભવતી નવી આશાઓ, નવા વિચારો, શરીરમાં થતાં ફેરફારો, દુનિયાની કેટલીયે સમસ્યાઓની ચર્ચા કરવા માટે કોઈક પાત્રની જરૂરિયાત પડે છે. મા બાપની નજીક ન હોય અને જેને સાચા મિત્રો ના મળે એના જીવનમાં ભયંકર એકલતા છવાઈ જાય છે. મોટા ગ્રુપોમાં પોતાના વિચારોને સમજનાર, પોતાની લાગણીઓને સમજનાર કોઈ ન હોય તો પણ એકલતા લાગે છે. કાચી ઉંમરે કે કોઈપણ ઉંમરે વિદેશ એકલા જનારને તો

એકલતા ફોલી ખાય છે. લગ્ન પછીના થોડા વર્ષો એકબીજાના આકર્ષણમાં કે એકબીજાને ઓળખવામાં વીતી જાય છે પણ જો એકબીજાના વિચારોને ન સમજી શકાય માનસિક રીતે એક જ સ્તરે ન પહોંચી શકાય તો પછી લગ્નજીવનમાં એકલવાયું લાગે છે. હર્યાભર્યા ઘરમાં દિકરીની વિદાય પછી અથવા તો દીકરા-વહુના જુદા થયા પછી મા-બાપને એકલવાયું લાગે છે. જીવનસાથીની વિદાય પછી અને ખાસ તો પાછલી જીંદગીમાં ફક્ત એકબીજાના સહારે જીવતાં વૃદ્ધોને પોતાના સાથીની વિદાય પછી ખુબ જ એકલવાયું લાગે છે.

ઉપરના કિસ્સાઓમાં કેટલાંકમાં એકલતા છે તો કેટલાંકમાં એકલવાયાપણું. અંગ્રેજીમાં સમજીએ તો Being alone and Lonliness આ બે માં ફરક છે. જેને માનસિક રીતે એકલવાયું લાગે છે એણે પોતાના આજુબાજુના લાગતાવળગતા લોકો સાથે સંવાદ સાધવાની જરૂર છે. પોતાને ન સમજી શકનાર પત્ની મળી છે એ બાબત પર એકલતા અનુભવનારે પત્ની સાથે માનસિક સેતુ બાંધવાનો પ્રયત્ન કરવો જોઈએ. સારા મિત્રો મેળવવા માટે કે મા બાપ અથવા પુત્ર સાથે સંવાદિતા સાધવા પ્રયત્ન કરવાં જોઈએ અને મેળવવાનો પ્રયત્ન કરવા કરતાં આપવાનો પ્રયત્ન કરવો જોઈએ. બીજાનું એકલવાયાપણું દુર કરતાં કરતાં આપણું એકલવાયાપણું પણ દુર થતું જ હોય છે. આ બાબતમાં નિષ્ફળતા મળે તો માણસે પોતાની જાત સાથે વધુ વાતો કરવાની, જાતને વધુ ઓળખવાની અને જાત સાથે વધુ સમય ફાળવવાની જરૂર છે. આજના આ જેટ યુગમાં માનવી એટલી હદે દોડે છે, એટલી ઝડપથી જીવે છે કે એને પોતાના માટે સમય જ નથી મળતો. નાના બાળકને પણ આપણે બે વર્ષનો થાય ને બીઝી બનાવી દઈએ છીએ અને એની નિર્દોષતા, શાંતિ, એકાંત છીનવી લઈએ છીએ. પહેલાં બાળકને આપણે રમકડાંની સાથે એકલું છોડી દેતા હતા અને મા કામ કરતાં કરતાં બાળકનું ધ્યાન રાખતી. હવે બાળક કાં તો પ્લે ગ્રુપમાં હોય કે પછી ટી.વી.ના પાત્રોની સાથે, નહી તો કોમ્પ્યુટરની ગેમની સાથે. પહેલાના જમાનામાં સ્ત્રીઓ ભરચક ઘરકામ વચ્ચે પણ અડધો કલાક પૂજાપાઠમાં કે બીજા કામ કરતાં કરતાં પોતાની જાત સાથે એકલી રહી શકતી હતી. હવે ઘણા કામો ઓછા થવા છતાં શોપિંગમાં, મિટિંગમાં, ટી.વી.ની સિરિયલમાં અટવાઈને એકલા રહેવાનું, મન સાથે એકાંત ગાળવાનું ટાળે છે. આપણે પુરુષો પણ ઓફિસેથી ઘરે જઈને શાંતિથી થોડીવાર બેસવાને બદલે ટી.વી., કોમ્પ્યુટર, ઈન્ટરનેટ ઉપર કલાકો સર્ફીંગ કરીને સમય પસાર કરીએ છીએ અને પછી એકલવાયાપણાની ફરિયાદ કરીએ છીએ.

આજના આ ભૌતિક સુખના યુગમાં આપણને જરૂર છે શાંતિની, થોડા વખતના એકાંતની. એટલે જ આજે કેટલાંક લોકો યોગા અને મેડીટેશન તરફ વળે છે. આ બધામાં શીખવવામાં આવે છે પોતાની જાત સાથે વાતો, શરીરમાં ક્યાં દુખે છે, કયાં રોગ છે એની ઉપર યોગ કરતાં કરતાં ધ્યાન કેન્દ્રીત કરવાનું છે અને આખી દુનિયાને ભુલીને આજુબાજુની બધી ચિંતા, આધિ, વ્યાધિ ઉપાધિને ભુલીને ફક્ત મનની અંદરના આત્મતત્વની ઉપર ધ્યાન કેન્દ્રીત કરવું એટલે મેડીટેશન.

પરંતુ આપણે એકલા રહેવાથી ડરીએ છીએ. ડરીએ છીએ કે આપણે બધાથી દુર ધકેલાઈ જઈશું કે પછી એકલાં પડતાંની સાથે જ મન આપણી સાથે ઝઘડવા માંડે. આપણામાંના મોટાભાગના લોકો અંદરથી કંઈક ઓર અને બહાર વર્તનથી કંઈ ઓર હોય

છે અને એકલા પડતાંની સાથે મન અને મગજ વચ્ચે ઝઘડાનો સામનો કરવો પડે છે. પરંતુ એકાંતમાં મન સાથે સંવાદ કરવાથી જબરજસ્ત તાકાત મળે છે. કદાચ એટલે જ ઋષિમુનિઓ એકાંત સાધવા પહાડો ઉપર જતાં હશે. દરેકને ક્યારેને ક્યારેક તો આવી નીરવ શાંતિનો અનુભવ થયો હશે. વિચારી જોજો આવી નીરવ શાંતિનો અનુભવ તમને એકાંતમાં સુંદર કુદરતી વાતાવરણ વચ્ચે જ થયો હશે. એકલવાયાપણાને દુર કરવાનો આ એક સુંદર ઉપાય છે. તમને સંગીતનો શોખ હોય તો રૂમમાં બેસીને થોડીવાર કોઈ કેસેટ સાંભળ્યા પછી એને બંધ કરીને આંખો મીંચીને શાંતિથી બેસીને જુઓ. મન સાથે અનુસંધાન કરો. થોડીવારમાં અંદરથી સંગીત સંભળાશે. જેને વાંચવાનો શોખ હોય એ કોઈ સારુ પુસ્તક વાંચીને એકાંતમાં આંખ બંધ કરીને બેસે તો અંદરથી સંવાદો સંભળાશે. દિવસમાં એકવાર નહીતો અઠવાડિયે એકવાર આપણને બધાને અડધો એક કલાકના એકાંતની જરૂર છે.

મારા એક મિત્રે એકલવાયાપણાની વ્યાખ્યા કંઈક આવી કરી છે. આપણી આજુબાજુ ઘણા બધા લોકો હોય પણ જ્યારે આપણને લાગે છે કે આમાનું કોઈ આપણને સમજી શકતું નથી આવી અનુભુતિ એટલે એકલવાયાપણું. આ એકલવાયાપણાનો ઈલાજ એટલે જાત સાથેનો સંવાદ અથવા તો આગળ કહયું એમ કોક અંતરંગ મિત્ર શોધીને એની સાથે સંવાદ નો, મૈત્રીનો સેતુ બાંધવો તે.

હવે આપણે એકલતા ઉપર આવીએ. એકની એક છોકરીની વિદાય પછી માની એકલતા, એકના એક પુત્ર કે પુત્રીના અચાનક થયેલા મૃત્યુ પછીની મા-બાપની એકલતાં, જીંદગીના કોઈપણ સમયે ગુમાવેલા જીવનસાથીના મૃત્યુ પછીની એકલતાં, નાની ઉંમરે મા બાપ ગુમાવ્યા પછી બાળકની એકલતાં. આ બધી એકલતાં જીંદગીના અંત સુધી રહેવાની પરંતુ આ એકલતામાં જીવન તો નથી રોકોઈ જતું. પાછળ રહેનારે જીવવું તો પડે જ છે. આ એકલતા દુર કરવાનો ઉપાય એટલે મનને બીજી પ્રવૃત્તિઓમાં વાળવું પોતાના જીવનને કંઈક મકસદ માટે પ્રવૃતિમય કરી દેવું. પુત્ર કે પુત્રીની વિદાય કે મૃત્યુ પછી બીજા બાળકો, શાળા, આશ્રમોના બાળકો, હોસ્પીટલોમાં અસહાય બાળકો, અનાથ આશ્રમના બેસહારા બાળકો તરફ પ્રેમ વાળીએ તો આ એકલતાં દુર કરી શકાય. નાની ઉંમરમાં મા બાપ ગુમાવનાર બાળક તો વિષમ પરિસ્થિતિમાં ટકી રહેવાના, એમાંથી બહાર નીકળીને જીવનમાં આગળ આવવાના પુરૂષાર્થમાં જ પોતાની એકલતાં ઓગાળી દેતાં હોય છે. જીવનસાથી ગુમાવનારે કોઈપણ ઉંમરે બીજો સાથી શોધી લેવો જોઈએ એમ હું માનું છું. એ એકલતા ૨૫ વર્ષે આવે કે ૬૦ વર્ષે સમાજે થોડા બોલ્ડ થઈને આવા નિર્ણયો વધાવવા જોઈએ. આ વાત હું એટલાં માટે લખું છું કે એક ૭૦ વર્ષના માજી જેઓ ૪૦ વર્ષે વિધવા બન્યા પછી છોકરીને વિદાય આપી, છોકરાને પરણાવ્યો. પૌત્રોને મોટા કર્યા. પછી જાહોજલાલી હોવા છતાં એકલતાં અનુભવતા હતા. દરકાર કરવાવાળું, એમની સાથે બેસીને વાતો સાંભળવાવાળું કોઈ નહોતું અને મરજાદી એમને થવું નહોતું. એમણે મને વાત વાતમાં પુછયું હતું ‘ભઈ, સાંભળ્યું છે વિદેશોમાં તો લોકો ૭૦ વર્ષે પણ પરણે અને બાકીનું જીવન સાથે વિતાવે. શું આપણે ત્યાં આવું થઈ શકે ? સમાજ શું જવાબ આપે છે ? આવા લગ્નોને માનભેર આવકારીશું ?

**- નિખિલ પરીખ**

# પલપલનો સથવારો

'સાથી સંગી મારો રે શ્રીનાથજી' અને સાચે જ મારો પલપલનો સંગાથી શ્રીનાથજી જ છે. એકલો મારો નહિ, હર જીવંત સુષ્ટિનો, દરેક જીવ માત્રનો સહાયક આપણો વહાલો શ્રીનાથજી જ છે. પરછાંઈ કહું તો પણ ચાલે, આપણા લૌકિક માતાપિતા પણ લગ્નની વય સુધી સંભાળે, પછી પારકી જણી આપણા ઘરમાં લક્ષ્મી બની આવે અને એને આપણને સોંપી દે, યા પારકા દિકરાના ઘરમાં આપણને મોકલી દે. પરંતુ અલૌકિક આપણો શ્રીનાથજી આપણા જીવમાં અંતિમ શ્વાસ સુધી આપણને સંભાળે. આપણા જીવન મરણની દોર જ તેને હાથે. તેની દિવ્ય દૃષ્ટિથી કશું જ છાનુ નથી રહેતું.

એમનો ભાસ આપણને ક્ષણે ક્ષણે થતો રહે છે. ક્યારેક પવનરાજ બની આપણા ગાલોને રમાડે, વાળની લટ સુલઝાવે, તો ક્યારેક મિષ્ટ ભોજન જમાડીને ઓડકાર ખવરાવે, ક્યારેક પાણીના પ્યાલામાં આવી આપણી પ્યાસ છીપાવે. ઠંડી અને ગરમી સામે એજ આપણું રક્ષણ કરે. તમને થશે. ક્યારેય તે આપણી સામે પ્રત્યક્ષ દેખાતો નથી? અને તે ન જ દેખાય? એ તો અદૃષ્ટા છે. અજન્મા છે, અલોકિક છે. લૌકિકતાનો ભાસ જરુરથી કરાવે છે.

કર્માનુસાર આપણને તકલીફમાં પણ મૂકે છે. સંચિત કર્મનો હિસાબનો ચોપડો ખોલી એ નાના બાળકને પણ પીડીત કરે છે. ત્યારે આપણું મન વિચારે છે કે આટલા નાના બાળકે થોડીને પાપ કર્યા હોય? પરંતુ કિંતુ આ તો સંચિત કર્મનો તોલ. કોઈ કહેશે તેણે મને... નથી આપ્યું? કોઈ કહેશે મને કેન્સર જેવો ભયંકર રોગ આપ્યો? તો કોઈ કહેશે મને વિધવા બનાવી નાની ઉંમરમાં? જોં તો કોઈ દિવસ પાપનો વિચાર સુધ્ધા કર્યો નથી? ફલાણા બેને કોઈ દિવસ બહારનું ય નથી ખાધું, નથી તમાકુનું સેવન કર્યુ, અને છતાંય એમને કેન્સર? ભગવાન પણ ખરો છે? અજુગતો જ ન્યાય તોલે છે? પણ, ના આવું નથી. તે તો દયાનો સાગર કૃપા સિંધુ, કરણા સાગર એવો આપણો શ્રીનાથજી, જીવ માત્રને દુઃખ આપતાં તેનું મન કોચવાય જરુરથી, પરંતુ સૃષ્ટિનો સર્જનહાર તેને તો તોલમોલ અને પાપ, પુણ્યનું જમા ઉધાર ખાતું સરભર કરવું જ રહયું! કચવાતે મને, કમને પણ બુરાઈને મુલવવી પડે છે. કોઈને ગાંધીબાપુ બનાવે તો! કોઈને ગોડસે.

હવે તમારે તમારા અંતર મનથી વિચારવું રહયું કે મને પ્રભુજી, પ્યારો શ્રીનાથજી શું બનાવે? ગાંધીજી કે ગોડસે? મનુષ્ય જીવન મળ્યુ છે ચોર્યાસી લાખના ફેરાને અંતે તો તેને કઈ રીતીએ મુલવવું? આપણે ફળ લઈએ, કોઈ ચીજ વસ્તુ યા શાક સારામાં સારું લઈશું અને બરોબર તોલ કરે છે. તે પણ જોઈશું જ? પરંતુ આપણા અંતિમ શ્વાસ સુધી પણ આ બધી ચીવટ રાખીશું, દૂર બેઠા બેઠાં પણ સારી વસ્તુ લેવાના આગ્રહી થઈશું અને બીજાને પણ સલાહ આપીશું જ, આજ રીતી આપણા જીવન માટે પણ અપનાવવવાની છે. પ્રભુજી પણ આપણાં સારા કર્મફળ તોલે અને બુરાઈથી દૂર રહીએ. આતો આપણા જ જીવન માટે જ વિચારવાનું છે સારું જ ખાઈશું સારું પીશું તે જ રીતે કર્મ પણ સારા જ કરવાના આગ્રહી બનો. 'બોલે લણે, નિદાન', જે વાવીએ એજ ઉગે, લીમડો વાવી, આંબાના ફલ માંગીએ તો? એક વસ્તુ ધ્યાનમાં લઈએ, 'આંકડો' ઠેર ઠેર ઉગી નીકળે, મોગરા ગુલાબને વાવવા પડે. આકડાની જેમ પાપ ઠેર ઠેર પગલા પાડે છે. અને મોગરા ગુલાબની જેમ પુણ્યાઈ રોપાવી પડે છે.

હવે સમજાશે કે માનવી દેહ મળ્યો છે તો તેને કેમ કેમ મુલવશું? અંતરયામી શ્રીનાથજીને કેમ કેમ

રીઝાવશું ? બાર મહિને એકવાર 'નાથદ્વારા, ગોકુળ કે ચંપારણ'ના દર્શન કરે પ્રભુજી ન રીઝે, સેવા કરે કે માળા ફેરવે ના રીઝે વ્હાલો શ્રીનાથજી સાથી સંગી તો તે છે જ આપણો, પલપલનો સથવારો પણ એનોજ તો ? મર્યા પછીની પુણ્યાઈ મેળવો આંખોનું દાન આપીને. હવે જેમ આપણે સારા ફળો ખરીદીને તોલ કરાવીએ, એમ.... માનવી અને હર ચરાચર સૃષ્ટિના જીવોને રોટી, પાણીની જરુરત પડે છે, જેમ આપણે પણ ભૂખ્યા, તરસ્યાં રહી નથી શકતાં તેમ ? કપડાં અને ઘરની પણ જરુર પડે છે, તેમ પર જીવાત્મા માટે તમે શું કરશો ? એ જ વિચારજો, વિચારી અમલમાં પણ જરુરથી મુકજો, આપવીતી એ જ પરગતિ, રોટી, કપડા, મકાન અને પછી આવશે વિદ્યા અને હોસ્પીટલો.

હૃદયને મંદિર બનાવો, તેમાં શ્રીનાથજીને સાશ્વત આરુઢ કરો, પર પીડ જાણો, પર આત્મા માટે, જીવ માટે શું કરી શકશો એ જ વિચારજો, તમારી લક્ષ્મી, ધન, દોલતથી બીજા જીવોની ભૂખ, તરસ છીપાય, કપડાં ઘર આપી શકો. આ તો છે તમારા જીવન બાગનું વાવેતર. આગળ કહ્યું તેમ 'બોવે લણે નિદાન' અને જયારે લણણી કરશો ત્યારે તમે અચરજ સહ નિહાળશો, કે તમારા પલડાનો તોલ શ્રીનાથજી સુંદરતા સહ તોલશે. આ બધાંના મૂળમાં પવિત્ર મનથી કરેલા કર્મ, અન્ન, પાણી અને વિચારણા સુંદર રાખશો.

તમારા હૃદયમાં શ્રીજીને આરુઢ કરવો હોય સાશ્વત તો સીડી, કેડી તમારી સામે જ રાખી છે. આ લેખ રૂપે મોત એ તમારી આરસી છે, મોતની ભયંકરતાને પ્રાથમિકતાએ વિચારો, સારા કર્મના આગ્રહી બનો, પર પીડ જાણોને બનતા પ્રયત્ને તે નિવારવા તત્પર રહો. આટલું જ કરતાં સારા કર્મનું બીજ રોપાશે, તેની તુલના કરતાં શ્રીનાથજી સહસ્મિત તમારો સાથી સંગી બનશે. પલપલનો સથવારો શ્રીનાથજીનો...

**- ઉષા એસ. ધારીયા**

# આજ મારે આંગણીએ મંગલીયું વરતાય

આજ મારે આંગણીએ મંગલીયું વરતાય
કે... શ્રીજી મારો આવે છે.
લટકાળો છે રે એ તો નંદજીનો લાલ, ચાલે રે ચટકતી ચાલ
કે... શ્રીજી મારો આવે છે.
ધરીયાં છે મોર મુકુટના શણગાર
કે.. શ્રીજી મને ભાવે રે
કંઠે છે કૌસ્તુભ મણીની માળ
કે... શ્રીજી મારો સુહાવે છે
ઝળકે છે કુંડલ કાનન માંય, મન મારું લુભાવે છે
મારો શ્રીજી આવે છે.
એના રુમઝુમતાં નુપુરનો નાદ
એની મીઠી મોરલીનો સાદ, મન મારું ડોલાવે છે
કે... શ્રીજી મારો આવે છે.
આજે મારે આંગણીયે મંગળીયું વરતાય
શ્રીજી મારો આવે છે.
ધીરે રે ચાપું શ્રીજી તમારા પાય
પગલાં પાડોને મારા હૃદયાંની માંય
શ્રીજી મારો આવેને
પલકાંને પારણીયે ઝુલાવું નંદલાલ
મન મારું કાંઈ ગીતડાં ગાય, છબીલો મારાં નયના સુ સમાય
શ્રીજી મારા આવોને
ભોજનમાં છે મારી ભક્તિનો ભાવ, પ્રેમનાં કરાવું જલપાન
શ્રીજી મારા આવોને
જ્યોતિ એની ઝળહળ થાય
દૂર થકી વર્તાય, એના તેજ તણો નહી પાર
શ્રીજી મારા આવોને
વહેલેરા આવજો શ્રીજી સૂણજો મારો સાદ
થોભશો ના ઘડી પલ વાર, આ છે મારા અંતરનો પોકાર
શ્રીજી મારા આવોને
આવોરી સખી નીરખવા એનું રૂપ, એછે જગતનો ભૂપ
શ્રીજી મારા આવોને
આવોરે આવો શ્રીજી મારા આવોને
આજ મારે આંગણીયે મંગલીયું વરતાય
શ્રીજી મારા આવોને... આવોને...

**- ઉષા એસ. ધારીયા**

## સંસ્થા સમાચાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૩જી બેઠક તા. ૨૩-૮-૨૦૧૧ના રોજ મંગળવાર સાંજે ૭.૧૫ કલાકે શ્રી મોહનલાલ સાંકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ (સંસ્થાની ઓફીસ) ખાતે મળી હતી.

ઉપપ્રમુખ શ્રી સૈમિલ મોદીના નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

મંત્રી શ્રી ભાવેશ મોદીએ ૨જી બેઠકનો અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરાયો હતો.

કો.ઓરડીનેટર શ્રી સૌમિલ મોદીએ ચલો બાલાસિનોર પ્રવાસ ૨૦૧૧નો ટુકો અહેવાલ રજુ કર્યો હતો.

ઉપનગરના સંયોજક શ્રી નીમીષ ગાંધીએ રજુઆત કરી હતી. તા. ૧૬-૧૦-૧૧ના રોજ દાંડીયા રાસની રમઝટ , નરવડે સ્કુલ કાંદિવલી (વે.) ખાતે યોજાશે. તેમા મુખ્ય મહેમાન શ્રી મંગળદાસ મુળજીભાઈ મોદી (શહેરાવાળા)ના નામની રજુઆત કરી હતી.

મહિલા વિભાગના સંયોજક શ્રીમતી કુંજુબહેન હેમેન્દ્ર શાહ એ એમના ૧લા અને બીજા પ્રોગ્રામના હિસાબની રજુઆત કરી હતી તે સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી.

કુલ ૧૦ સભ્યોની લીવ ની અરજી આવી હતી તથા કુલ ૧૫ આજીવન સભ્યોની અરજી આવી હતી તે સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી.

ઉપપ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

**મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી.**

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
### ગીરીપૂજા 'કોકીલાબહેન પ્રવિણાચંદ્ર પુમનચંદ બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા)
### જનતા ફી સહાય યોજના

વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનો માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ ફી સહાય સમિતિની રચના કરવામાં આવી છે. તે હેઠળ જરૂરતમંદ વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોને ફી સહાય કરવામાં આવશે.

ફોર્મ લઈ જઈ સંપૂર્ણ વિગતો ભરી વાલીની સહી લઈ ઓફીસમાં તા. ૨૦-૯-૨૦૧૧ પહેલા આપી જવા વિનંતી.

ફોર્મની વિગતો સંપૂર્ણ ભરવી જેથી કરીને ફી સહાય મેળવવામાં વિલંબ ન થાય આ આપણા સમાજ તરફથી આપવામાં આવતી સહાય છે. તેથી જરૂરીઆતવાળાઓ તેનો અવશ્ય લાભ લેશે તેવી આશા.

ફોર્મ મેળવવા તથા ભરીને આપવાનું સ્થળ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ઓફીસ : ઓફીસ સમય દરમ્યાન સોમ થી શનિવાર (બુધવાર સીવાય) રવિવારે સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ તથા શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજની ઓફીસ સાંજે ૪ થી ૭ વાગ્યા સુધી,

**લી. મંત્રી ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાળા) – સંયોજક કિર્તિ હી. કડકીઆ (લટકારી)**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# શ્રીમતી મીનાબહેન સુધીરભાઈ ધારીયા (રંગુનવાલા) પુરસ્કૃત

## ઉપનગર વિભાગ સહર્ષ યોજે છે

# ‘દાંડિયા રાસ’

**તારીખ :** ૧૬-૧૦-૨૦૧૧,

**વાર :** રવિવાર

**સમય :** સાંજના ૫.૩૦ વાગ્યાથી

**સ્થળ :** નરવડે સ્કુલ ગ્રાઉન્ડ,
સ્વીમીંગ પુલની સામે,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૬૭

**મુખ્યમહેમાન : મોદી મંગળદાસ મુળજીભાઈ (શેહરાવાળા)**

.ઉપનગર વિભાગના પ્રથમ પોગ્રામ ‘દાંડિયા રાસ’ ઓક્ટોમ્બર માસની ૧૬ તારીખે રાખેલ છે સાથે શ્રીમતી મણીબહેન મણીલાલ શાહ (ઝાટ) પુરસ્કૃત શૈક્ષણિક પારિતોષિકનું વિતરણ કરવામાં આવશે. ઉપનગર ના ધોરણ ૧ થી ૯, વર્ષ ૨૦૧૦-૧૧ના ઈનામો આપવામાં આવશે. દરેક જણે એમના બાળકોની રીઝલ્ટની ઝેરોક્ષ કોપી મોકલી આપવાવિનંતી છે. રિઝલ્ટની પાછળ પોતાનું નામ, સરનામું અને ટેલીફોન નંબર ખાસ લખવાના રહેશે. તારીખ ૨૦-૦૯-૨૦૧૧ સુધીમાં આ કોપી નીચેના કોઈપણ સરનામે મોકલાવવી.

૧) **શ્રી બાલાસિનોર નવયુવક સંઘ :** સંસ્થાની ઓફીસ


૨) **ગાંધી નિમિશ બાબુલાલ :** બી, ૩૧, રાજેશ બિલ્ડીંગ, ૩જે માળે કાંદિવલી (વેસ્ટ) મું. - ૬૭

૩) **દક્ષેશ સોમાલાલ પરીખ :** ૨૩/૨૪ સિદ્ધિ બિલ્ડીંગ, શક્તિનગર મલાડ (વેસ્ટ), મું. - ૬૪

૪) **હેમેન્દ્ર રમણલાલ શાહ :** સી-૩૦૨, સુમેરનગર, એસ.વી.રોડ, બોરિવલી (વેસ્ટ) મું. - ૯૨

**સંયોજક : નિમિશ ગાંધી - મંત્રી ભાવેશ મોદી**

# શ્રી મંગલદાસ મુળજીભાઈ મોદી (શહેરાવાળા)



બાલાસિનોર દશાનીમા વણીક જ્ઞાતિના વૈષ્ણવ પિતાશ્રી મુળજીભાઈ કાલીદાસ મોદી અને માતુશ્રી ગીરજાબહેન (ગામ-શહેરા)ના ઘરે ૨૨મી જાન્યુઆરી ૧૯૩૫ના રોજ જન્મેલા શ્રી મંગલદાસ પાંચ બહેનોના એક ના એક ભાઈ છે.

તેઓશ્રીનું બચપણ/સ્કુલજીવન શહેરાગામ, બાલાસિનોર અને કપડગંજમાં વીત્યુ. મેટ્રીકની પરીક્ષા પસાર કરી મુંબઈમાં પોદાર કોલેજમાં અભ્યાસ કરી ૧૯૫૭માં બી.કોમની પરીક્ષા પસાર કરી.

જીવનની શરૂઆતમાં મુંબઈ આવી ઈલેકટ્રીકના વ્યવસાયનો અનુભવ લીધો. તેઓશ્રીના સગાં શ્રીયુત રમણલાલ ધારીયા (શહેરાવાળા)ના સુપુત્રો શ્રીયુત દિનકરભાઈ, રમેશભાઈ અને કીરીટભાઈ સાથે હાર્ડવેર અને ફેબ્રીકેશનના ધંધામાં જોડાયા. ધંધામાંથી ૧૯૮૮માં સ્વૈચ્છીક નિવૃત્તિ લઈ હાલ સંતોષપૂર્ણ નિવૃત જીવન ગાળે છે.

તેઓશ્રીએ શ્રીયુત ઓચ્છવલાલ ચુનીલાલ દોશી/મણીબહેન (મોડાસાવાળા)ની સુપુત્રી મીનાક્ષીબહેન સાથે ૧૯૬૦માં લગ્ન જીવન શરૂ કર્યું. મીનાક્ષીબહેને પણ B.A. અને S.T.C. ને અભ્યાસ કરેલ છે. પચાસ વર્ષ ઉપરાંતના દાંપત્યજીવનમાં તેઓને એક દીકરો અને એક દીકરી છે. જેઓ બંને હાલ U.S.A. માં સ્થાયી થયેલ છે.

દીકરો મેહુલ જે Architech, C.P.R.D અને M.B.A. સુધી અભ્યાસ કરેલ છે. શ્રી પ્રવિણચંદ્ર ચીમનલાલ ગાંધીની સુપુત્રી ચી. વ્યોમા સાથે લગ્ન કરી બે દીકરીઓ જશ્મા અને ખેવના સાથે હાલ પેન્સેલ્વેનીયા રાજ્યમાં પીટસબર્ગમાં રહે છે.

દીકરી સોનલ જે B.Sc (Dietician) થયેલ છે. તેના લગ્ન શ્રી રસિકલાલ રમણલાલ કડકીયા (R.R.) ના સુપુત્ર ચિ. હર્ષલકુમાર B.E.(Computer, Science) સાથે થયેલ છે. બે દિકરીઓ હિરલ અને ભાવિ સાથે હાલ Newyork માં રહે છે.

જીવનમાં શરૂઆતના વર્ષોમાં મુંબઈ આવી, માટુંગા/ખેતવાડી/હાજીઅલી એરીયામાં ઘણાં વર્ષો સુધી રહી હાલ બોરીવલીમાં ૨૦૦૩ થી સ્થાયી થયેલ છે.

સ્વભાવે મિલનસાર, મૃદુભાષી અને મિતાકારી મંગળદાસ નિખાલસ અને સ્પષ્ટવક્તા છે. સાદાઈ સંયમિતતા અને નિયમિતતા તેઓના જીવનનો મંત્ર છે.

ઘણા વર્ષો સુધી માધવબાગ સ્વાધ્યાય કેન્દ્રમાં દર રવિવારે નિયમિત જતાં મંગલદાસનો દીકરો મેહુલ પણ અમેરીકામાં પિતાશ્રીના સંસ્કારોથી એક સક્રીય કૃતિશીલ સ્વાધ્યાય પ્રવૃતિમાં જોડાયેલ છે.

મંગલદાસને દેશ વિદેશના પ્રવાસનો અત્યંત શોખ છે. લોકસંગીત/લોકકથા સાંભળવાનો અને જુના ગીતો સંગ્રહ કરવાનો શોખ છે.

તેઓના બહોળા મિત્ર વર્ગમાં ઘણાં મિત્રોએ ૬૦ વર્ષોથી વધુ મિત્રતા ટકાવી રાખેલ છે.

# કોલેજ ખાતે ધ્વજવંદન



તા. ૧૫-૮-૨૦૧૧ રોજ સવારે ૯.૩૦ કલાકે બાલાસિનોર કોલેજ ખાતે શ્રી બાલાસિનોર નવયુવક સંઘના પ્રમુખ શ્રી કલ્પેશ સુ. ધારીઆ (બલબલ)ના વરદ હસ્તે કોલેજના પરિસરમાં ધ્વજવંદન કરવામાં આવ્યુ હતુ. કોલેજના પ્રિન્સીપાલ ડૉ. માછી અને પ્રાધ્યાપક શ્રી ભરવાડે સૌનું સ્વાગત કર્યુ હતુ. આ પ્રસંગે પ્રમુખ શ્રી સાથે ઉપપ્રમુખ શ્રી સોમિલ મોદી, સહમંત્રીઓ શ્રી નિલેશ શાહ અને જશ્મીન શેઠ, માજીપ્રમુખ શ્રી રજનીકાંત કડકીયા, જીગર કડકીયા, સુનીલ મોદી, રૂપેશ ધારીઆ વગેરેએ હાજરી આપી હતી.

ધ્વજવંદન પ્રસંગે બોલતા પ્રમુખશ્રી કલ્પેશ ધારીઆએ વિદ્યાર્થી-વિદ્યાર્થીઓને કહયુ કે તમે તમારા આજુબાજુમાં રહેતા છોકરા-છોકરીઓને ભણાવવામાં મદદ કરજો જેથી કરીને તેઓ ભણશે તો તેમના કુટુંબને આગળ લાવશે અને કુટુંબ આગળ આવશે તો સમાજ મજબુત બનશે, સમાજ મજબુત બનશે તો આપણો દેશ મજબુત થશે.

ધ્વજવંદન બાદ કોલેજના પ્રિન્સીપાલે સૌને કોલેજના બધા વિભાગો બતાવી સમજણ આપી હતી, જેમાં લાયબ્રેરી, કોમ્પ્યુટર રૂમ આદિનો સમાવશે થતો હતો, જેનાથી સૌ પ્રભાવિત થયા હતા અને કોલેજની પ્રગતિની સહર્ષ નોંધ લીધી હતી.

**- મંત્રી ભાવેશ બીપીન મોદી**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ચાલો બાલાસિનોર ૨૦૧૧-૧૨

આપ સૌને જણાવતા આનંદ થાય છે ચલો બાલાસિનોર પ્રવાસને સારો એવો પ્રતિસાદ મળ્યો એ માટે આપ સૌનો આભાર.

જેમણે ચલો બાલાસિનોરમાં નામ નોંધાવ્યા છે તેમને રેલ્વે ટિકિટની ઝેરોક્ષ કોપી તથા જમવાના પાસ અને તા. ૨૭-૧૦-૧૧ અને ૨૮-૧૦-૧૧ના પોગ્રામના નાસ્તાની કુપન નીચે જણાવેલ એડ્રેસ પરથી મળશે.

જે લોકો ડાયરેક્ટ બાલાસિનોર આવતા હોય તેમને માટે પણ જમવાની વ્યવસ્થા કરવામા આવી છે. સવારના ચા-નાસ્તો, બપોરે અને રાત્રે જમવાની અને પોગ્રામ સાથે આખા પેકેજનો તા. ૨૫-૧૦-૧૧ થી તા. ૨૯-૧૦-૧૧ના પાંચ દિવસનો ચાર્જ રૂા. ૭૫૦ વ્યક્તિ દીઠ અને રૂા. ૧૫૦ રોજનો ચાર્જ વ્યક્તિ દીઠ રાખવામા આવ્યો છે.

પાસ તા. ૩-૧૦-૧૧ થી ૧૦-૧૦-૧૧ સુધી મળશે.

સ્થળ : સૌમિલ મોદી, શૈલેષ ટુલ્સ એન્ડ હાર્ડવેર માર્ટ, ૧૬ નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, બીજે માળે, મુંબઈ - ૪૦૦૦૦૩

મો. ૯૮૬૯૩૧૯૦૭૮, ઓફીસ : ૨૩૪૨૬૩૧૬

**ચલો બાલાસિનોરમા આયોજીત વિવિધ રંગા રંગ કાર્યક્રમની રૂપરેખા :**

તા. ૨૫-૧૦-૧૧ મિસ્ટર અને મિસિસ ચલો બાલાસિનોર કોન્ટેસ્ટ ૨૦૧૧-૧૨ રાત્રે ૯.૩૦ કલાકે

તા. ૨૭-૧૦-૧૧ ઓકેસ્ટ્રા રાત્રે ૯ કલાકે

તા. ૨૮-૧૦-૧૧ ડી. જે પાર્ટી રાત્રે ૯ કલાકે અને ગરબા, ડાન્સ

## ચલો બાલાસિનોર ૨૦૧૧-૧૨ Mr. Mrs. Chalo Balasinor Contest

જત જણાવવાનું કે ચલો બાલાસિનોર પોગ્રામ દરમ્યાન તા. ૨૫-૧૦-૧૧ મંગળવાર ના દિવસે રાત્રે સમય ૯.૩૦ કલાકે 'બાલાસિનોર લાયન્સ કલ્બ' મુકામે રોમાંચક 'કપલ્સ ગેમ્સ'નું આયોજન કરવામાં આવેલ છે.

આ ગેમ્સ માટે વહેલા તે પહેલાના ધોરણે ફક્ત ૩૦ કપલ (ઉંમર ૫૫ વર્ષ સુધી)નામ લેવાના છે. રૂા. ૧૦૦ ટોકન કપલ દીઠ ભરવાના રહેશે. જે રીફન્ડેબલ છે.

તો તમારા નામ સૌમીલ જીતેન્દ્ર મોદીને તા. ૧-૧૦-૧૧ થી ૧૦-૧૦-૧૧ સુધી લખાવવા વિનંતી.

નામ નોંધવાનું સ્થળ : શૈલેષ ટુલ્સ એન્ડ હાર્ડવેઅર માર્ટ, ૧૬ નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૨ જે માળે, મુંબઈ - ૩

ફોન નંબર : ૨૩૪૨૬૩૧૬, મોબાઈલ : ૯૮૬૯૩૧૯૦૭૮

**કોરડીનેટર : શ્રી સૌમીલ મોદી (ઉપ પ્રમુખ)**

**મંત્રી : શ્રી ભાવેશ મોદી**

## શ્રીમતી તારાબહેન રતિલાલ પરીખ એડમિનિસ્ટ્રેટીવઓફીસ

૧૧૮/૧૨૦ અરદેશર દાદીસ્ટ્રીટ, વી.પી.રોડ, મુંબઈ : ૪૦૦૦૦૪, ફોન નં. ૨૩૮૮૭૦૦૬

**શ્રી મનોજભાઈ ❖ શ્રી અમરીષભાઈ કચેરીયા**

**કન્સેશનલ રેટ નોટબુક યોજના**

જે વિદ્યાર્થીઓએ નોટબુકો ન ખરીદી હોય તેઓએ વહેલી તકે આવીને મંડળમાંથી લઈ જવા વિનંતી. નોટબુકો હશે ત્યાં સુધી મળશે.

**મંત્રી : ભાવેશ મોદી** **સંયોજક : જાસ્મીન શેઠ**

# વર્લ્ડ ઓફ ફલાવર

**તારીખ : ૧૩-૯-૨૦૧૧ થી ૧૯-૯-૨૦૧૧ (મંગળવાર થી સોમવાર)**

**સમય : સવારે ૧૧ થી સાંજે ૭ સુધી**

**સ્થળ : નહેરુ સેન્ટર, આર્ટ ગેલેરી, ડૉ. એનીબેસન્ટ રોડ, ગ્રાઉન્ડ ફલોર. વરલી.**

**ઉદઘાટન : મંગળવારે સવારે ૧૧.૦૦ કલાકે, પ્રખ્યાત સંગીતકાર આણંદજી શાહના હસ્તે કરવામાં આવશે.**

ફુલની સુંદરતા એટલે ઈશ્વરનો સાક્ષાત્કાર, એટલે જ ફુલ આપણને પ્રસન્ન કરી શકે છે, વિશ્વને સુંદરતાનું પ્રતિક બનાવતા ફુલો જ આપણને પ્રભુ સુધી, પ્રેમ, માનવતા સુધીને, વિશ્વપ્રેમ સુધી પહોંચાડી શકે છે.

દેશ વિદેશના પ્રવાસ કરીને બાલાસિનોર નિવાસી શ્રી કિશોરભાઈ ચિમનલાલ કડકીયાએ (નાસિકવાળા) ફુલોને કેમેરાની પ્રિન્ટમાં કેદ કર્યા છે, ને આપણા સુધી પહોંચાડયા છે.

આ ફુલોના પ્રદર્શનને (વર્લ્ડ ઓફ ફલાવર) ને માણવા, પ્રસન્નતાને પામવા આપણે બધાએ ૧૩મી સપ્ટેમ્બર થી ૧૯મી સપ્ટેમ્બર સુધીમાં પહોંચવાનું છે.

આ નમ્ર વિનંતી સાથે આપ સહુને આમંત્રણ છે.

**આપનો**

**કિશોર કડકીઆ**

**કિશોર કડકીઆ**

૧, અનામિકા, ૫ મો કાર્ટર રોડ, બોરીવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૬

**ફોન : ૨૮૦૧૪૪૧૩ / ૯૮૭૦૦૨૦૦૫૦**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ આયોજીત જનસાથી ટ્રોફી ક્રીકેટ સાલ ૨૦૧૧-૧૨

૧) **ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૫-૯-૧૧ના રોજ રાખેલ હતી પણ એના બદલે ૨૫-૯-૧૧ રાખેલ છે.**
૨) તારીખ ૨૫-૯-૧૧ પછી કોઈપણ સંજોગોમાં ફોર્મ લેવામાં આવશે નહિ.
૩) ક્રીકેટના ફોર્મ નીચે જણાવેલ સ્થળેથી મળી રહેશે.
   I) બાલાસિનોર નવયુવક સંઘની ઓફીસે રોજ સાંજે ૭ વાગ્યાથી ૮ વાગ્યા સુધી અને રવિવારે ૯.૩૦ વાગ્યાથી ૧૧ કલાકે સવારના રાખેલ છે.
   II) કીંજલ પરીખ (વીજય ટ્રેડીંગ કોરપોરેશન) ૧૫૧ નારાયણ ધ્રુવ સ્ટ્રીટ અશોક હાઉસ મુંબઈ - ૪૦૦૦૦૩
   III) ચીરાગ પરીખ (ટ્રીસા એન એકસ) ૨૨ પીજારા લેન, અબ્દુલ રેહમાનની સામે, મું. ૪૦૦૦૦૩
૪) ભાગ લેનારની જન્મ તારીખ ૧.૧.૧૯૯૬ પહેલાની હોવી જરૂરી છે.
૫) આ ટુર્નામેન્ટમાં વહેલો તે પહેલો ધોરણે ફોર્મ લેવામા આવશે. ૬૮ ફોર્મ પછી કોઈના પણ ફોર્મ લેવામાં નહીં આવે.
૬) આ ટુર્નામેન્ટ માટે અમોએ ઉમેચના રૂપિયા ૭૫૦ રાખેલ છે જે ફોર્મ સાથે આપી દેવાના રહેશે. અને સેમી ફાઈનલ અને ફાઈનલના પૈસા જે ટીમ પહોંચશે તેને પ્લેયર દીઠ ૩૦૦ આપવાના રહેશે.
૭) દરેક મેચમાં પ્લેયરની જમવાની વ્યવસ્થા કરેલી છે.
૮) દરેક પ્લેયરે સવારનાં ૯.૩૦ વાગે ગ્રાઉન્ડ પર આવવાનું રહેશે. જો ૧૦.૧૫ વાગ્યા પછી આવશે તો તેને રમવા નહિં દેવામાં આવશે.
૯) દરેક પ્લેયર જો ચાલું મેચે બહાર જાય તો તેને કેપ્ટન અથવા ક્રીકેટ કમિટિની રજા લઈને જવા વિનંતી છે.
૧૦) દરેક પ્લેયરે મેચ વખતે સફેદ કપડામાં આવવાનું રહેશે. (ટીશર્ટ પેન્ટ, અને બુટ અને જો ત્રણ વસ્તુનો અમલ નહીં કરે તો તેને રમવા નહિ દેવાય. એમ્પાયર જે કંઈ પણ અંતિમ નિર્ણય લે એનો અમલ કરવો પડશે.
૧૧) દરેક મેચ ૪૦ ઓવરની રહેશે. જો બન્ને ટીમના રન સરખા રહેશે તો એવરેજ પર એનું પરિણામ નક્કી કરાશે અને વધુ એવરેજવાળી ટીમ વિજેતા જાહેર કરાશે.
૧૨) કોઈપણ એક બોલર મેચ વખતે (૯) ઓવર નાખી શકશે.
૧૩) દરેક પ્લેયરે ફોર્મ બરાબર ભરી, તેમાં મોબાઈલ નંબર, લખવો જરૂરી રહેશે. ઉપરાંત ઓફીસના નંબર અને સરનામું લખવું જરૂરી છે.
૧૪) જો કોઈપણ પ્લેયરને કંઈ તકલીફ થઈ હોય તો તે મેદાનની બહાર જવા માટે કેપ્ટન અથવા કોઈપણ કમિટિ મેમ્બરની રજા લઈને જવું જરૂરી છે અને તેને પાછું ૨ કલાકમાં આવવું પડશે. જો તે નહી આવે તો તેને આગળ મેચ રમવા નહિ મળે.
૧૫) બાલાસિનોર નવયુવક સંઘને કોઈપણ નિયમો બદલવાનો હક રહેશે એની કોઈપણ જાતની જાણકારી પ્લેયરોને નહિ આપવામાં આવે.
૧૬) જો કોઈપણ સંજોગોમાં રવિવાર ગ્રાઉન્ડની સુવિધા નહિ થાય તો ચાલું દિવસોમાં મેચ રાખવામાં આવશે, એની જાણકારી દરેક પ્લેયરને કરવામા આવશે.
૧૭) જે પણ પ્લેયરને જનસાથી ટુર્નામેન્ટ રમવી હોય તો તે ઉપર આપેલ જગ્યાએથી ફોર્મ લઈને ભરી શકે છે.
૧૮) બાલાસિનોર નવયુવક સંઘ અથવા ક્રીકેટ કમિટિની કોઈપણ જાતની, ફોર્મ ભરવા માટે જવાબદારી નથી.
૧૯) બાલાસિનોર નવયુવક સંઘના નિયમો અનુસાર ફોર્મ ભરવું જરૂરી છે.
૨૦) કોઈપણ વધુ વિગત માટે ચિરાગ પરીખનો સંપર્ક કરવો જેનો મોબાઈલ નંબર નીચે મુંજબ છે. ૯૮૨૧૫૭૪૮૫૬

**ક્રિકેટ કન્વીનર : ચિરાગ પરીખ – મંત્રી : ભાવેશ મોદી**



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

## નવરાત્રિનો કાર્યક્રમ

**તારીખ :** ૧૫ ઓકટોબર ૨૦૧૧ શનિવાર

**સમય :** બપોરે ૨ કલાકે

**સ્થળ :** હિંદી વિદ્યા ભવન, મરીન લાઈન્સ

**ઓર્કેસ્ટ્રા :** મનીષ ઓર્કેષ્ટ્રાના સથવારે

નવરાત્રિના ગરબા રાસનું આયોજન કરવામાં આવ્યું છે. જેમા ઉંમર પ્રમાણે ગ્રુપ બનાવી દરેક ગ્રુપમાં (૩) Best Performance તથા (૨) Best Dress માટે ઈનામો આપવામાં આવશે.

લ્હાણી માટે રૂા. ૧૦૦ ભરવાના રહેશે. રોજીંદા જીવનમાં વપરાશમાં આવે તેવી વસ્તુ પાસ લેનારને આપવા માટે આવશે. બાકીના પૈસા મહિલા વિભાગ ઉમેરશે.

લ્હાણી પાસના રૂા. ૧૦૦ તથા નાસ્તાના રૂા. ૪૦ લઈ પાસ તારીખ ૫-૧૦-૧૧ ને બુધવારે બપોરે ૩ થી ૫માં સંસ્થાની ઓફિસમાં અથવા કોઈપણ કમિટિ બહેનો પાસેથી મેળવી શકશો. બાળકો માટે પણ નાસ્તાના પાસ લઈ શકાશે.

તા.ક. લ્હાણી માટે સભ્ય કાર્ડ જરૂરી છે.

## દિવાળી સ્નેહ સંમેલન

આ કાર્યક્રમની અધિક માહિતી આગામી અંકમાં તથા નવરાત્રિના કાર્યક્રમમાં આપવામાં આવશે.

**તારિખ ૪થી જુલાઈ સોમવારે મહિલા વિભાગ** દ્વારા લાડની વાડીમાં બપોરે ૩ વાગે 'તોલ મોલ કે બોલ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ.

આ કાર્યક્રમમાં આવેલી ૨૨૫ બહેનોએ ભાગ લીધેલો હતો. આ કાર્યક્રમ માટે મહિલા વિભાગને એક બહેન તરફથી રૂા. પાંચ હજાર આપવામાં આવ્યા હતા. મહિલા વિભાગ આ બહેનનો આભાર માને છે.

આ કાર્યક્રમમાં કુલ્લે ૨૫ વસ્તુનો તોલ કરી ૨૫ બહેનો એ તેજ કિંમતની વસ્તુ આપવામાં આવેલી. બીજા ત્રણ Bumper Prize રાખવામા આવેલા હતા. આ પ્રોગ્રામ આપણી જ કમિટિની બહેનો અલ્પા કડકીયા, રોહીણી કડકીયા, અમી ધારીયા તથા પ્રફુલા મહેતા દ્વારા રમાડવામાં આવ્યો હતો. મહિલા વિભાગ આ બહેનો તથા બીજી કમિટિની બહેનો તથા વોલિન્ટિયર્સ બહેનોનો આભાર માને છે.

આ કાર્યક્રમના અંતે બધી બહેનોએ દાબેલી - ખાંડવી-કેટબરી ચોકલેટ તથા કોલ્ડ્રીંક ને ન્યાય આપી છુટા પડયા હતા.

**સંયોજક કુંજુ શાહ - ૯૯૩૦૭૯૪૪૨૪**

## દિવાળી બક્ષિશ

છેલ્લા અનેક વર્ષોથી એક દાતા તરફથી અન્ન સહાય અથવા આર્થિક સહાય લેતા કુટુંબોને કુટુંબદીઠ રૂા. ૫૦૦ની રોકડ સહાય કરવામાં આવે છે. ચાલુ વર્ષે આ સહાય તા. ૧૪-૧૧-૨૦૧૧ થી તા. ૧૯-૧૧-૨૦૧૧ સુધી શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના કાર્યાલય ખાતેથી કામકાજના સમયમાં બપોરના ૩ થી ૬ના સમયમાં આપવામાં આવશે, બહારગામના કુટુંબોને મની ઓર્ડરથી તેમજ બાલાસિનોર ખાતેના કુટુંબોને શ્રી મણીકાંત છોટાલાલ કડકીઆ મારફતે આપવામાં આવશે.

**- રજની લટકારી**

## બોરિવલી થી વિરાર સુધી વસતા બાલાસિનોરવાસીઓનુ સમુહ ભોજન

આ વખતે પિકનિકનું આયોજન કરવામાં આવ્યું છે. સ્થળ : 'મયુર વન' (ફોર્મહાઉસ મહેશભાઈ) મનોરવાડા રોડ, વાડા.

તારિખ : ૮-૧-૨૦૧૨ રવિવાર સવારે ૭.૩૦ કલાકે બસ ઉપડશે. સુમેરનગર, ચામુંડા સર્કલ, યોગીનગર, ચાર્જ રૂા. ૪૦૦ વ્યક્તિ દીઠ (જનરલ મેમ્બર) ચાર્જ રૂા. ૨૫૦ વ્યક્તિ દીઠ (ડોનર મેમ્બર) જે ફેમીલીએ ડોનેશન આપ્યુ છે અને બીજા નવા ફેમીલી ડોનેશન આપશે એમને ફેમીલી દીઠ ગીફ્ટ આપવામાં આવશે. દરેક જણને નજીકના કાર્યકર્તાઓને ફંડફાળો મોકલી આપવા વિનંતી છે. ડોનેશન ફંડ જેમને આપવાનુ બાકી હોય તો સામેથી મોકલી આપે. આપનો સાથ સહકાર એજ અમારી અપેક્ષા છે.

**હેમેન્દ્ર રમણલાલ શાહ - ૯૮૨૦૦૧૧૫૮૬ - ૩૨૯૬૯૫૩૮ કમિટિના જે. જે. શ્રી ગોકલેશ.**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

### Dr. Babulal Mohanlal Parikh(Vakil) and Family Diwali Parv Arthik Rahat Scheme

આ વર્ષથી ઉપયુક્ત યોજના ઉપયુક્ત દાતાના દાનથી શરૂ કરવામાં આવી છે. આવકની મર્યાદામાં રહી આ વર્ષે દિવાળી નિમિત્તે અન્ન સહાય અને આર્થિક સહાય લેતા સૌ કુટુંબોને (મુંબઈ, બહારગામ અને બાલાસિનોરના) કુટુંબ દીઠ રૂા. ૨૫૦/-ની સહાય કરવામાં આવનાર છે. મુંબઈના કુટુંબોને તા. ૧-૧૦-૧૧ થી તા. ૮-૧૦-૧૧ સુધીમાં શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના કાર્યાલય ખાતેથી કામકાજના દિવસોમાં બપોરના ૩ થી ૬ ના સમયમાં રકમ આપવામાં આવશે, બહારગામના કુટુંબોને મનીઓર્ડરો થી રકમ મોકલવામાં આવશે. બાલાસિનોરના કુટુંબોને શ્રી મણીકાંતભાઈ કડકીયા દ્વારા આપવામાં આવશે.

**સોમીલ મોદી** — **સંયોજક (ઉપપ્રમુખ)**

**ભાવેશ મોદી** — **મંત્રી**

**Shri Surendra Ratilal Parikh (Surendra Engineering Corporation)**
**Shri Daxeshbhai & Shri Minishbhai Babulal Kadakia (Kadakia Enterprise)**

**Indoor Games**

Ajit Natverlal Mody, Nilesh Gokuldas Parikh, Manoj Kantilal Kadakia, Ketan Rajesh Gandhi, Rajesh Kirtanlal Dharia, Sachin Rameshchandra Kadakia, Gopal Ramnlal Kadakia, Nimish Babulal Gandhi, Daxesh Somalal Parikh, Bharat Kantilal Parikh, Dixit Kirtanlal Parikh, Ajay Pravinchandra Doshi, Sunil Navinchandra Mody, Hemendra Ramanlal Shah

**Office Bearers**

Jasmine Sheth (Jt Secratary), Nilesh Shah (Jt Secratary)

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

## અગત્યની જાહેરાત

ઉપરોક્ત સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા, મ્યુઝીકલ પ્રોગ્રામ, દાતાઓનો સન્માન સમારંભ અને સ્વરૂચિ ભોજનનો કાર્યક્રમ **રવિવાર, તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૧** ને સવારે ૯.૦૦ થી બપોરે ૧.૩૦ વાગ્યા સુધી **કે. સી. કોલેજ હોલ,** ચર્ચગેટ ખાતે રાખવામાં આવેલો છે.

અગાઉ જણાવ્યા મુજબ સમાજનાં મેમ્બરો માટે રૂા. ૧૦૦/- અને તે સિવાયની વ્યકિત માટે રૂા. ૧૫૦/- ભરીને નીચેના સ્થળેથી ભોજનનાં પાસ મેળવવાની વ્યવસ્થા ચાલુ છે.

| | |
|---|---|
| ૧) **શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ** | ૨) **મે. કડકીઆ એન્ટરપ્રાઇઝ** |
| બાબુ ગેનુ રોડ, કાલબાદેવી, | ૬૮/૭૦, નાગદેવી સ્ટ્રીટ, |
| મુંબઇ - ૪૦૦ ૦૦૨. | મુંબઇ - ૪૦૦ ૦૦૩. |

દાતાઓ તથા તેમના સ્નેહીજનો, આપણી જ્ઞાતિની વિવિધ સંસ્થાઓના કમિટી મેમ્બરો, સમાજનાં ભૂતપૂર્વ પ્રમુખો અને આદરણીય વડીલોને આમંત્રણ પત્રિકા મોકલી આપવામાં આવેલી છે.

કાર્યક્રમ બાલાસિનોર દશાનીમા વણિક જ્ઞાતિજનો અને આમંત્રિત મહેમાનો માટે યોજવામાં આવેલો છે જેની નોંધ લેશો. વહેલી તકે તમારા ભોજનનાં પાસ મંગાવી લેવા વિનંતી.

| | |
|---|---|
| **શ્રી પંકજ ધારીઆ (લાલખાં)** | **શ્રી નિમિષ કડકીઆ / શ્રી દક્ષેશ કડકીઆ** |
| પ્રમુખ | માનદ્ મંત્રીઓ |

## શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજની વાર્ષિક સામાન્ય સભા

ઉપરોક્ત સમાજની વાર્ષિક સામાન્ય સભા નીચે સુચવેલ સ્થળ, ટાઈમ, વાર અને તારીખ મુજબ મળશે.

(૧) સ્થળ: જાયન્ટ ઈન્ટરનેશનલ હોલ,
ઓરીએન્ટ કલબ બીલ્ડીંગ, ૨જે માળે,
૯ ચોપાટી સી ફેસ,
મુંબઈ - ૪૦૦૦૦૭

(૨) તારીખ: ૨૬-૯-૨૦૧૧

(૩) વાર: સોમવાર

(૪) ટાઈમ: સાંજે ૬.૪૫ કલાકે

સર્વે મેમ્બરોને મિટિંગમાં હાજર રહેવા વિનંતી.

તા.ક. કોરમના અભાવે મુલતવી રહેલ સભા તેજ દિવસે અને તેજ સ્થળે અડધા કલાક પછી ઉપરોક્ત કાર્યવાહી માટે મળશે.

**બીપીન કીરતનલાલ દોશી**
**મંત્રીના જય જય શ્રી ગોકુલેશ**

## શ્રીજી મન તરસે

મેં દીઠા યુગલ સ્વરૂપને નિંદરમાં,
આભાસ હતો કે સ્વપ્ન નથી જાણતો ?
મનદુ:ખ ફક્ત એકજ વાતનું થયું,
ઝાંખી થઈ, તે પણ પુઠની (૧)

મારે દર્શન પામવા હતા સનમુખના,
એવા અહોભાગ્ય કાંથી હોય મુજમાં !
એવું શું ભાળી ગયો હું તુજમાં,
'શ્રીજી-મન તરસે', વલખે દર્શન સનમુખના ! (૨)

સેવા કરૂં તુજની, દિલોજાનથી
કંઈક ખોટ રહી ગઈ, મનમંદિરમાં !
અંત સમયના એંધાણ વર્તાય છે,
સંસાર વલોવતાં, અશ્રુઓજ હાથ લાગે !
દૂધ, દહી, જળથી નહિ,
અશ્રુઓથી અભિષેક કરવો છે,
અશ્રુબિંદુઓની માળા થકી, જાપ જપવા છે !
શું કરવું આ નર્કાકાર, જીવન જીવી હવે ?
ઉધ્ધાર કરવા, આ દેહને સોંપ્યો તુજને ! (૩)

**દાસ 'ચાંદશા'**
**ચંદ્રકાંત શાહ (ચટઈ)**

## વાડાસિનોર પ્રગતિસમાજ. કો. ક્રેડીટ સોસાયટી લી.

માનનીય શેર હોલ્ડર ભાઈઓ બહેનો

૨૫મી વાર્ષિક સામાન્ય સભામાં સર્વાનુમતે પ્રસાર થયેલ ઠરાવ મુજબ ૨૦૧૦-૨૦૧૧ના વર્ષનું ૧૫ ટકા ડીવીડન્ટના અને સીલ્વર જુબલી ગીફટના વાવચરો કામકાજના દિવસોમાં બપોરે ૧૨ થી ૪ના સમય દરમ્યાન સોસાયટીના કાર્યાલયમાંથી આપવામાં આવે છે. તે દરેક મેમ્બરો ન લઈ ગયા હોય તેઓને લઈ જવા વિનંતી છે.

**લી. વાડાસિનોર પ્રગતિ સમાજ કો.ક્રે.સો.લી.**
**(કારોબારી વતી)**

# શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ

## સામાન્ય સભા (AGM)

મંડળની ૮૭મી વાર્ષિક સામાન્ય સભા (AGM) ૧૮મી સપ્ટેમ્બર ૨૦૧૧ રવિવારના રોજ પાટકર હોલ, એસ.એન.ડી.ટી કોલેજ, મરીન લાઈન્સ, મુંબઈ - ૨૦ ખાતે સવારે ૯.૩૦ કલાકે આયોજિત કરવામાં આવેલ છે.

આ પ્રસંગે શ્રીમતી હંસાબહેન પ્રવિણચંદ્ર કડકીઆ અને શ્રીમતી રૂપલબહેન પ્રદીપ કડકીઆ પુરસ્કૃત **TALENT APPRECIATION SCHEME** ના ઉપક્રમે, વાડાસિનોર દશાનીમા વણિક જ્ઞાતિના, શિક્ષણ સિવાયના અન્ય ક્ષેત્રમાં પ્રશંસનીય યોગદાન આપ્યુ હોય એવી વ્યક્તિનું સન્માનપત્ર તથા યોગ્ય પુરસ્કાર અર્પણ કરી સન્માન કરવામાં આવશે.

આ ઉપરાંત વાડાસિનોર વણિક જ્ઞાતિનાંજ જાહેર ક્ષેત્રમાં પ્રસંશનીય યોગદાન આપનાર વ્યક્તિઓનું જાહેર સન્માન કરી આપણા સમાજના વિરલ વ્યક્તિત્વોની સમાજમાં આગવી ઓળખ આપી, તેમની ઉપલબ્ધિઓને બીરદાવવામાં આવશે. આ વર્ષના વિરલ વ્યક્તિત્વો છે.

૧. શ્રી નવિનચંદ્ર ચીમનલાલ શાહ (કલકત્તાવાળા) - રચનાત્મક સમાજસેવા

૨. ડૉ. કુમુદ પ્રમોદ ધારીઆ (લાલખાં)-બહુમુખી નારી પ્રતિભા, સંશોધનાત્મક વિદ્યાકીય સિદ્ધિ

૩. પ્રિન્સિપાલ ચંદ્રકાંત ચીમનલાલ દેસાઈ - શૈક્ષણિક ક્ષેત્રે ગૌરવપૂર્ણ પ્રદાન

વર્ષ દરમિયાન રૂપિયા એક લાખ કે તેથી વધુ રકમનાં દાન વડે મંડળની પ્રવૃત્તિને સબળ કરનાર દાતાઓનું પણ આ પ્રસંગે યથોચિત સન્માન કરવામાં આવશે. સન્માનિય દાતાઓ

૧. શ્રી સુરેન્દ્ર રતિલાલ પરીખ - રૂા. ૭,૫૦,૦૦૦

૨. શ્રી નવનીતલાલ ચુનીલાલ કડકીઆ (મલમ) - રૂા. ૧,૦૦,૦૦૦

૩. શ્રીમતી મિનાક્ષી મોહિતકુમાર મહેતા - રૂા. ૧,૦૦,૦૦૦

### ‘વાડસોલ કર્મવીર’

મંડળને અવિરત ૫૧ વર્ષ, સંનિષ્ઠ અને કાર્યદક્ષ સેવા આપી માર્ગદર્શક ભુમિકા ભજવનાર દાતાશ્રી નટવરલાલ ચંદુલાલ પરીખ (વોરા)ની પ્રેરક સ્મૃતિ રૂપે ‘વાડસોલ કર્મવીર’ સન્માન પદક આપવાની યોજના ઘડવામાં આવી છે જે અન્વયે આપણાં સમાજની વિવિધ સંસ્થાઓને દીર્ઘકાલિન કાર્યક્ષમ રાહબરી પુરી પાડનાર કાર્યકર્તા અને સ્વાતંત્ર્ય સેનાની પુ. **શ્રી રમણીકલાલ લલ્લુભાઈ ધારીઆ**ની સેવાઓને ‘પ્રથમ વાડસોલ કર્મવીર’ સન્માનથી ગૌરવાન્વિત કરાશે.

વાડસોલનાં પનોતાં સંતાનોની ઉપલબ્ધિઓને બિરદાવવા અને સમાજની ખુશીમાં સામેલ થવા સૌને ભાવભર્યું નિમંત્રણ

**કિરીટ રમણલાલ કડકીઆ (મલમ)**
**શરદ નટવરલાલ દેસાઈ માનદ્ મંત્રીઓ**

**BALASINOR VIDYA MANDAL manages ARTS & COMMERCE COLLEGE at BALASINOR**
**Tel : 02690-266079/267401 Telefax : 02690-267915**
**Website : www.balasinorcollage.com E-mail : info@balasinorcollege.com**
**Certified by National Assessment & Accredition Council - Awarded B Grade**

(i) Registered with the Charity Commissioner having Registration No. Kheda/F/115 Dtd.21.06.1968
(ii)Registred with the Registrar of Societies vide itsRegistration No. Gujarat/212/Kheda Dtd. 21.06.1968
(iii) Year of Establishment of College : 16.06.1969 Affiliated to Gujarat University
Medimu of Instruction : Gujarati (iv) UGC Recognition U/S 2(f)%12(b) (v) PAN No.: AAATB1514E

| Collage Campus Area : 7 Acres & 37 Gunthas<br>Constructed Plot Area : 347.52 Sq. Mtr.<br>Campus Area of Collage consists of : | Plot Area Sq.Mtr. |
|---|---|
| 1) Main Bldg. (Total 35 Rooms) | 1161.38 |
| 2) S.K.Patel Hall (Auditorium - 400 Seats) | 656.66 |
| 3) Hostel Building (Two Wing) | 526.63 |
| 4) Mess Room | 350.00 |
| 5) Kitchen Room | 25.53 |
| 6) Class IV Staff Quaters | 409.09 |
| 7) Principal's Bunglow | 216.50 |
| 8) New U.G.C. Building | 267.46 |
| Total Plot Area | 3613.25 |

**Funds Investments Rs. 1,67,71,721/-**

**Total No. of Members consist of:**

| | |
|---|---|
| 1) Life Members | 333 |
| 2) Students | 2034 |
| 3) Professors (Claa II) | 17 (6Ph.D.) |
| (no. of Position Sanctioned : 23 / Filled : 16) | |
| 4) Admn. Staff | 6 (Class III) |
| 5) Peon Staff | 6 (Class (IV) |
| 6) Adhoc. Admn.Staff | 2 |
| 7) Adhoc.Profs. | 9 |
| 8) Part Time Faculties | 3(1ph.D. & 2M.Phil.) |
| 9) Adhoc. Peon. | 1 |

**Computerised Library** **No. of Books in Library : 18849**
**No. of Reference Books in Library : 2538** **Subscribed Magazines & Journals : 53**

**Academic Report 2010-11 Results**

F.Y.B.A. - 87.48% F.Y.B.Com. - 73.21%
S.Y.B.A. - 81.23% S.Y.B.Com. - 72.22%
T.Y.B.A. - 75.64% T.Y.B.Com. - 56.41%
M.A. Part II - 59.44%

**M.A.with One Subject Sanscrit**

**No. of Working Daya during the Last Academic Year - 229 / 183 Days**

| U.G.Students 2011-12 | 1st Term | 2nd Term | P.G.Students 2011-12 | 1st Term | 2nd Term |
|---|---|---|---|---|---|
| F.Y.B.A. | 848 | | **M.A.** | | |
| S.Y.B.A. | 544 | | Part I | 37 | |
| T.Y.B.A. | 314 | | Part II | 16 | |
| F.Y.B.Com | 116 | | | | |
| T.Y.B.Com | 62 | | | | |
| **Total** | **2034** | | **Total** | **53** | |

| Sanctioned Students Strength Per Div. | Enty Qualification |
|---|---|
| UG 130 To 180 | HSC Pass |
| PG 100 | B.A./B.Com |

**Students Related Walfare Activities**

1) Distribution of Exercise Books at Subsidised Rates 2) Book Bank 3) Fees Aid to the deserving Studnets 4) Decent Folders to the P.G. Students 5) Substantial Paritoshik to the Merit Students

Modern Language Labortory with 32 Booths with Computerised Projector& 25 Computers

Advanced Computer Laboratory for 40 Students with LCD Projector, Server Room, Training Room

## શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

ઉપરોક્ત મંડળની કારોબારી સમિતિની પાંચમી બેઠક તા. ૨૬-૮-૨૦૧૧ પ્રમુખ શ્રી પ્રવિણ સા-દેસાઈના પ્રમુખ પદે મળી હતી.

ચોથી કારોબારીની બેઠકની કાર્યનોંધનું વાંચન અને વર્ષ ૧૦-૧૧નો મંત્રી નિવેદન સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો હતો. અન-ઑડીટેટ વાર્ષિક હિસાબોની રજૂઆત કરવામાં આવી હતી જે થોડા ઘણાં ખુલાસા બાદ ઑડિટેટ કરવા મોકલવા.

ચૂંટણી પંચના અધ્યક્ષ શ્રી મોહનભાઈ પરીખે એમનો અહેવાલ આપ્યો હતો અને ચૂંટણી કરવાની રહેતી નથી એમ જણાવ્યું હતું.

નવી સ્કૂલના બાંધકામની વિગતો પ્રમુખશ્રીએ રજૂ કરી હતી.

પી.વી.વિદ્યાલય અને જે.વી.સ્કુલના પ્રિન્સીપાલના કાર્યાલય નવીનકરણ કરવા માટે સત્તા આપવામા આવી હતી. કારોબારી સમિતિએ ભંડોળ ભેગું કરવાની ટહેલ નાંખી છે. (જે આ અંકમાં અન્યત્ર છાપવામાં આવી છે) સભ્ય શ્રી નીતીન દેસાઈ (નાગર) તરફથી ભોજન નો ખર્ચ આપવામાં આવ્યો હતો.

ઉપરોક્ત મંડળની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૮-૯-૨૦૧૨ બુધવારે સાંજે ૭ કલાકે શ્રીમતી સુભદ્રાબહેન ન. શાહ (કોલકત્તાવાળા) સભાગૃહ, શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ, મુંબઈ-૨ ખાતે રાખવામાં આવી છે.

**જતીન દેસાઈ / ચંદ્રકાંત સી દેસાઈ**
**મંત્રીઓ**

---

# બાલાસિનોર વિદ્યા મંડળ

## સામાન્ય સભાની નોટીસ

તા. ૧-૯-૨૦૧૧

સુજ્ઞ મહાશય,

ઉપરોક્ત મંડળની ચુમાલીસમી (૪૪મી) વાર્ષિક સામાન્ય સભા નીચે જણાવેલ કામકાજ માટે નીચે જણાવેલ સ્થળે અને સમયે રાખવામાં આવી છે, તો આપશ્રીને હાજર રહેવા વનંતી છે.

| સામાન્ય સભાની તારીખ | સામાન્ય સભાનો સમય | સભાનું સ્થળ- |
|---|---|---|
| ગુરૂવાર, તા. ૧૫-૯-૨૦૧૧ | સાંજના ૪ કલાકે | બાલાસિનોર વિદ્યામંડળ ઓફિસ, જૈન દેરાસર પાસે, ભટ્ટવાડા, બાલાસિનોર |

**લિ. મંત્રીઓ**

**શ્રીમતી તન્વીબહેન ગૌરાંગ પરીખ** — **શ્રી રજનીકાન્ત ઓચ્છવલાલ શાહ**

**શ્રી ઉશનસ નવીનચંદ્ર કચેરીઆ** — **ડૉ. નગીનદાસ અચરતલાલ શાહ**

નોંધ : કોરમના અભાવે સામાન્ય સભા મુલત્વી રહેશે તો બંધારણ મુજબ તે જ દિવસે તે જ સ્થળે અડધા કલાક બાદ સભાનું કામકાજ શરૂ કરવામાં આવશે અને તે વિધિસરનું ગણાશે. **બાલાસિનોર વિદ્યા મંડળ**

# શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

## -: ઉદાર દીલ દાતાઓને એક અપીલ :-

૧) જેઠાલાલ વલ્લભદાસ દેસાઈ (J.V.School)

સ્કૂલના સંકુલ (Campus)ના નામ કરણ માટે રૂા. ૨૫,૦૦,૦૦૦ (પચ્ચીસ લાખ પુરા)

૨) ઓચ્છવલાલ નાથજીભાઈ શેઠઃ સ્કૂલનાં સંકુલ (Campus)ના નામકરણ માટે રૂા. ૧૦,૦૦,૦૦૦ (દસ લાખ પુરા)

૩) ઓચ્છવલાલ જેઠાલાલ

પ્રા. સ્કુલ માટે ૨૦ કોમ્પ્યુટરની જરૂર છે. ૨૦ કોમ્પ્યુટર અથવા રૂા. ૩,૦૦,૦૦૦ (ત્રણ લાખ પુરા)

૪) ઓચ્છવલાલ જેઠાલાલઃ પ્રા.સ્કુલ પ્રીન્સીપલ રૂમના નામ કરણ માટે રૂા. ૨,૫૦,૦૦૦ (બે લાખ પચાસ હજાર પુરા)

૫) ઓચ્છવલાલ જેઠાલાલઃ પ્રા.સ્કુલ પ્રીન્સીપલ રૂમના સાધન દાન માટે રૂા. ૧,૦૦,૦૦૦ (એક લાખ પુરા)

૬) ઓચ્છવલાલ જેઠાલાલઃ પ્રા.સ્કુલ સ્ટોર રૂમના નામકરણ માટે રૂા. ૨,૫૦,૦૦૦ (બે લાખ પચાસ હજાર પુરા)

૭) ઓચ્છવલાલ જેઠાલાલ પ્રા.સ્કુલ મલ્ટી મીડીઆ સ્કીમ માટે રૂા. ૫,૦૦,૦૦૦ (પાંચ લાખ પુરા)

**ઉપર મુજબના દાન માટે દાતાઓ આગળ આવે અને મંડળને મજબુત બનાવે.**

**મંત્રીઓ** **પ્રમુખ**

# શ્રી ગોકુલનાથજી મંદિર, બાલાસિનોર અપીલ

વ્હાલા ભગવદીય વૈષ્ણવો

આપણા ફગવા બગીચા મંદિરના મુખ્ય પ્રવેશદ્વારના મેડાનું તથા નીચે ઓફીસ રૂમનું કામ ચાલુ છે. બે થી ત્રણ મહીનામાં પુરુ થશે. તેમાં અંદાજીત ૭ થી ૭.૫૦ લાખ જેવો ખર્ચનો અંદાજ છે તેમાં ૪ લાખ શ્રી પુનમચંદ ભીખાલાલ પરીખ (અધોળી) તરફથી સેવા મેડા તથા નીચેના ઓફીસ રૂમ માટે મળી છે. હવે મુખ્ય પ્રવેશ દ્વાર સાથે નામ જોડવા માટે તા. ૬-૮-૨૦૧૧ની વાડાશિનોર ખાતે કારોબારીની મળેલી મીટીંગમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે જે વૈષ્ણવભાઈ રૂપિયા પાંચ લાખ કે તેથી વધુ રકમ આપે તેનું નામ પ્રવેશદ્વાર સાથે જોડવું મુંબઈમાં પણ શ્રી નવનીતભાઈ (સરકાર), શ્રી રસીકભાઈ (દેવ) તથા જગદીશભાઈ ધારીઆ સાથે પણ આ વાતની ચર્ચા કરી તેમની સંમતિ પણ તેમા લીધી હતી તો આ અમુલ્ય લ્હાવો આપ વધાવી લેશો. આ ટહેલની સેવા માટે એકથી વધુ જો વૈષ્ણવો ઈચ્છા ધરાવતા હશે તો વધુ બોલી બોલનાર વૈષ્ણવોને તેનો લાભ મળશે શ્રી ગોકુલનાથજી ફગવા બગીચા મંદિરની નીચે .................. (સેવા લખાવનાર વૈષ્ણવનું નામ) સાથે મુખ્ય પ્રવેશદ્વાર. આ રીતે લખવામાં આવશે.

**ગોકુળનાથજી મંદિર ટ્રસ્ટી મંડળ**

**મુંબઈ-સંપર્કઃ શ્રી નવનીતલાલ સી. પરીખ (સરકાર) - ૯૩૨૪૩૩૫૮૫૩, શ્રી રસીકલાલ સાં. મોદી(દેવ) - ૯૮૧૯૮૭૯૧૩૪, શ્રી જગદીશભાઈ આર. ધારીઆ - ૯૩૨૦૨૨૧૨૪૧**

# શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ તથા મેડીકલ ટ્રસ્ટ

ઉપરોક્ત મંડળ તથા ટ્રસ્ટની કાર્યવાહક સમિતિની પાંચમી બેઠક તા. ૧૮-૮-૨૦૧૧ ગુરુવારે સાંજે ૭ કલાકે શ્રીમતી સુભદ્રાબહેન ન. શાહ (કોલકત્તાવાળા) સભાગૃહ, શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ, મુંબઈ-૨ ખાતે પ્રમુખ શ્રી જતીન નવનીતલાલ દેસાઈના પ્રમુખપદે મળી હતી. મંડળ તથા ટ્રસ્ટની ચોથી કાર્યવાહક સમિતિની કોર્યનોંધ ને મંજૂરી આપવામાં આવી હતી.

ઓડીટેડ હીસાબો અને બેલેન્સ સીટ જે ચાર્ટડ એકાઉન્ટ મે.પી.એમ.ધારીઆ એન્ડ કું. ચાર્ટડ એકા.ને ત્યાંથી આવી ગયા હતા. તેની રજૂઆત કરવામાં આવી હતી.

મંડળ તથા ટ્રસ્ટના વાર્ષિક સામાન્ય સભામાં રજૂ થનાર મંત્રી નિવેદનો રજૂ કરવામાં આવ્યા હતા જે થોડા ઘણા ખુલાસા બાદ મંજૂર કરવામાં આવ્યા હતા.

મંડળ તથા ટ્રસ્ટને મળેલા ડોનેશનોની રજૂઆત કરવામાં આવી હતી. તા. ૨૯-૯-૨૦૧૧ ગુરુવારે સાંજે ૭ કલાકે હિંદી વિધાભવન સ્કુલ, મરીન ડ્રાઈવ, મુંબઈ-૨૦ ખાતે વાર્ષિક સામાન્ય સભા રાખવામાં આવી છે. જેની સૌ સભ્યોએ નોંધ લેવી.

મેડીકલ ટ્રસ્ટના ગર્વનીંગ કાઉન્સીલના અધ્યક્ષ શ્રી રસીકલાલ મ. લાકડાવાળાનો અહેવાલ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો. આવેલા લીવના કાગળો વાંચી સંભળાવ્યા હતા. ભોજનને ન્યાય આપી સભા બરખાસ્ત કરવામાં આવી હતી.

**શ્રીમતી સોહીણી યો. કડકીઆ**
**શ્રી પરેશ આર. પરીખ**
**(મંત્રીઓ)**

મેડીકલ સેન્ટર ચોપાટીનું રીનોવેશનનું કામકાજ લગભગ પુરુ થવા આવ્યું છે આ સેન્ટરનો લાભ લેવા વિનંતી.

## મેડીકલ સેન્ટર
## દાતાઓનું સન્માન કાર્યક્રમ

તા. ૨૯-૯-૨૦૧૧ ગુરુવારે સાંજે ૭ કલાકે હિંદી વિધાભવન સ્કુલ, મરીન ડ્રાઈવ, મુંબઈ-૨૦ ખાતે વાર્ષિક સામાન્ય સભાને દિવસે નીચે મુજબના ત્રણ દાતાઓનું બહુમાન કરવાનું નક્કી કરેલ છે.

૧) શ્રી જતીન નવનીતલાલ દેસાઈ (મુક્તીધામ યોજના માટે)
૨) શ્રીમતી મીનાક્ષીબેન મોહીતકુમાર મહેતા (કોલકત્તાવાળા)
(Relife in ECG Report for Dashnima Community)
૩) શ્રી પરેશ રમણીકલાલ દેસાઈ (ઈન્દોરવાળા)

**શ્રીમતી સોહીણી યો. કડકીઆ**
**શ્રી પરેશ આર. પરીખ**
**(મંત્રીઓ)**

# કે.એમ.જી. હોસ્પીટલની પ્રવૃત્તિઓ એપ્રિલ થી જુલાઈ સુધી

(૧) ઈચ્છાબહેન ઓચ્છવલાલ દેસાઈ (દેડકી) મોબાઈલ વિભાગ : આ વિભાગમાં ૩૩૬૦ દર્દીઓની ફ્રી દવા આપવામાં આવી છે.

(૨) મણીલાલ ચંદુલાલ પરીખ એક્ષરે વિભાગ : આ વિભાગમાં કુલ ૨૩૪૭ એક્ષરે તથા દાંતના ૧૯ એક્ષરે પાડવામાં આવેલ છે.

(૩) મોહનલાલ લલ્લુભાઈ કડકીઆ (મરઘા) સોનોગ્રાફી વિભાગ : આ વિભાગમાં કુલ ૧૧૩૮ દર્દીઓની સોનોગ્રાફી કરવામાં આવેલ છે જે રાહત દરથી કરવામાં આવેલ છે.

(૪) બાલાસિનોર નાગરિક સહકારી બેંક ઓર્થોપેડીક વિભાગઃ આ વિભાગમાં કુલ ૨૮૦૫ દર્દીઓએ લાભ લીધેલ છે તેમજ વિઝીટીંગ ઓર્થો સર્જન ડોકટર દ્વારા હાડકાના મેજર ૧૮ તથા માઈનોર ૧૬૩ ઓપરેશનો મળીને કુલ ૧૮૩ ઓપરેશન રાહતદરથી કરવામાં આવેલ છે.

(૫) શાંતાબહેન કાંતિલાલ લાલચંદ દોશી ઈ.એન.ટી. વિભાગ : આ વિભાગમાં કુલ ૭૦૧ દર્દીઓએ લાભ લીધેલ છે તેમજ વિઝીટીંગ ઈ. એન. ટી સર્જન દ્વારા મેજર તેમજ માઈનોર મળીને કુલ ૭૮ ઓપરેશન રાહતદરથી કરવામાં આવેલ છે.

(૬) શ્રીમતી મંજુલાબહેન રજનીકાન્ત શાહ (નગરશેઠ) ઈનડોર વિભાગ : આ વિભાગમાં ૧૫૯૯ દર્દીઓએ લાભ લીધેલ છે અને રૂા ૩૭૫૫૭૪/--ની ઈનડોર માફી કરવામાં આવેલ છે.

## હોસ્પિટલમાં યોજવામાં આવેલ કેમ્પ

બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં શ્રીમતી તરૂલતા મોદી (દેવ) ચેરીટેબલ ટ્રસ્ટ પાંચમો સર્વરોગ નિદાન કેમ્પ આગામી તારીખ : ૩૦-૮-૨૦૧૧ના રોજ યોજવામાં આવેલ છે. આ કેમ્પમાં ઈ.એન.ટી, ચામડી, માનસિક, હાડકાં, ફીજીશીયન, સ્ત્રીરોગ, સર્જીકલ, બાળરોગ, દાંતના રોગોનું વિના મુલ્યે નિદાન કરવામાં આવશે અને જરૂરીયાતવાળાને ૭ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવશે.

**સુધારો ::**

શરતચુકથી શ્રી નટવરલાલ ચંદુલાલ મોદી( એમ.સી.મોદી) તરફથી અપાયેલ રૂા. એક લાખના દાનમાં જ્યોતિપુંજ તથા વાર્ષિક અહેવાલમાં 'મોદી'ની જગ્યાએ 'દેસાઈ' અટક છપાયેલ છે. સંસ્થા થયેલ શરતચુક બદલ દીલગીરી વ્યક્ત કરે છે.

## શ્રી ગોકુલનાથજી મંદિર ટ્રસ્ટ ગાયના ઘાસની મીતી માટે રૂા. ૭૫૦૦ની મળ્યાની યાદી

૧) ગાંધી કીરતનલાલ મગનલાલ (પાકા)
૨) રજનીકાંત સાંકરલાલ ધારીઆ (માટલી)
૩) મંગળદાસ સાંકરલાલ ધારીઆ (માટલી)
૪) ગાંધી બંસીભાઈ મણીલાલ બાપુલાલ
૫) મોદી જીતુભાઈ કાંતીલાલ

# બાલાસિનોર વિદ્યામંડળ

## અનુકરણીય દાન :

સવિનય જણાવવાનું કે આપણી અગ્રગણ્ય સંસ્થાને ઉદાર દિલ દાતા પરિવાર શ્રી ગૌરાંગભાઈ નટવરલાલ પરીખ (વોરા) અને કુટુંબીજનો તરફથી નોટબુક યોજના માટે રૂા. ૧,૦૦,૦૦૦/- (અંકે રૂા. એક લાખ)નું માતબર દાન શ્રી નટવરલાલ ચંદુલાલ પરીખ (વોરા) ન્યાસફંડ પેટે મળ્યું છે.

આ ન્યાસફંડના વ્યાજમાંથી કોલેજના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને રાહતના દરે 'સુંદરમ બુક મેન્યુ'ની ઉચ્ચતમ ગુણવત્તાની નોટબુકો આપવામાં આવશે. કોલેજના આશરે ૨૦૦૦ વિદ્યાર્થીઓ પૈકી ૧૮૦૦ વિદ્યાર્થીઓને રૂા. ૧૧૨,૦૦૦/૦ની કિંમતની નોટબુકો રાહતને દરે પ્રતિવર્ષ આપવામાં આવે છે.

આ અગાઉ સંસ્થાને ૧૦ (દસ) ન્યાસફંડ નોટબુક યોજના માટે મળ્યા છે અને ખર્ચ પેટે ખૂટતી રકમની જોગવાઈ સંસ્થા પોતાની અન્ય આવકમાંથી કરે છે.

આ અગાઉ આ દાતા પરિવાર તરફથી સંસ્થાને રૂા. ૧,૦૦,૦૦૦/- (અંકે રૂા. એક લાખ) ચંદુલાલ અમ્રતલાલ પરીખ ચેરીટેબલ ટ્રસ્ટ વિદ્યાર્થી રાહત ન્યાસ ફંડ અને રૂા. ૧,૫૦,૦૦૦/- (અંકે એક લાખ પચાસ હજાર), ચંદુલાલ અમ્રતલાલ પરીખ ચેરીટેબલ ટ્રસ્ટ શૈક્ષણિક પારિતોષિક ન્યાસ ફંડ અને રૂા. ૫,૫૦,૦૦૦/-(અંકે રૂા. પાંચ લાખ પચાસ હજાર) લેંગવેજ લેબોરેટરી માટે સુશીલાબહેન નટવરલાલ પરીખ (વોરા) લેંગવેજ લેબોરેટરીના ઉમદા હેતુ માટે પ્રાપ્ત થયા છે.

સંસ્થાની કારોબારી સમિતિના સૌ સભ્યો દાતા પરિવારનો જાહેરમાં આભાર વ્યક્ત કરે છે. અને તેમના પરિવારના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના કરે છે.

યજુર્વેદનો શ્લોક છે 'પાવકા નઃ સરસ્વતિ' એટલે કે સરસ્વતિ અમને પવિત્ર કરે.

પરમકુપાળુ ઈશ્વરે આપણને તન, મન, અને ધન આપ્યા છે. ત્રણેનો સ્વભાવ મેલા ખવાનો છે. તનને આપણે સ્થાનથી, મનને ધ્યાનથી અને ધનને દાનથી શુધ્ધ કરવા જોઈએ એવી શાસ્ત્રોની આપણને આજ્ઞા છે.

**બાલાસિનોર વિદ્યામંડળ**
**કારોબારી સમિતિ**

# પ્રકીર્ણ વિભાગ

## તેજસ્વી તારલાં

૧) આદિત્ય મીતેશ ધારીઆ S.S.C. ની પરીક્ષામાં ૯૩ ટકા માર્કસ સાથે ઉત્તીર્ણ થયા છે. સંસ્થાવતી અભિનંદન.

૨) કલીંદ મંજુલ ધારીયા (હેડમાસ્ટર) એ IT Enginering માં Masters (U.S.A) માં "A" Grade મેળવેલ છે.

## નવા ટેલીફોન નંબર

- મિતેષ એન. ધારીઆ
**મોબાઈલઃ ૯૭૬૯૨૪૨૫૧૯**

## મૃત્યુ નોંધ

| | |
|---|---|
| શૈલેષભાઈ (બાબુલાલ) લલ્લુભાઈ ધારિયા | ૮૦ |
| જીતેન્દ્ર ચીમનલાલ કડકીયા બનડા | ૬૮ |
| બાબુભાઈ રમણલાલ કચેરીયા | ૮૬ |
| બાબુલાલ ચંદુલાલ શાહ (પડાલવાળા) | ૮૫ |
| શાંતાબહેન ભીખાલાલ ધારીયા | ૮૫ |



**ચક્ષુદાન કરેલ છે**

**શૈલેષભાઈ (બાબુલાલ)**
**લલ્લુભાઈ ધારિયા**
**(ઉંમર - ૮૦)**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૬**